©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] THURSDAY, 18th SEPTEMBER, 2025/BHADRA 27, 1947 [No. 6235

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯

[જુઓ નિયમ ૨૬ (૯)]

નગર રચના યોજના નં. ૧૨ (નિઝામપુરા) (પ્રથમ ફેરફાર)

આખરી યોજના

નં. : નરયો/નં.૧૨(નિઝામપુરા)(પ્ર.ફે.)/અં.યો.એવોર્ડ અધિસુચના/જનરલ/૬૨૭૭.–ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬(૯) અનુસાર અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૨ની પેટા કલમ-(૩)માં જોગવાઈઓ કર્યા મુજબ નગર રચના અધિકારી તરીકેના નગર રચના યોજના નં.૧૨(નિઝામપુરા)(પ્રથમ ફેરફાર)ની આખરી યોજના અંગેના મારા નિર્ણયો તા. ૧૧-૦૯-૨૦૨૫ ના ગુરુવારના રોજ જાહેર કરેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૪ મુજબ તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ના પેટા નિયમ-૯ની જોગવાઈઓ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ માટે લીધેલા મારા નિર્ણયોના ઉતારા, નમૂના- ''ડ'' મુજબ નગર રચના યોજના નં.૧૨ (નિઝામપુરા)(પ્રથમ ફેરફાર)માં આવતી મિલકતના માલિકોને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહી છે.

ઉપરોક્ત નિર્ણયોથી અસંતોષ થતો હોય તેવી હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓ/ માલિકોને મારા નિર્ણયોના ઉતારાની નકલ મળ્યેથી એક(૧) માસની અંદર જે નિર્ણયો અપીલને પાત્ર છે તે અપીલ બોર્ડના નિર્ણયો માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૫ અનુસાર રાજ્ય સરકારશ્રી દ્વારા નિયુક્ત થયેલ પ્રમુખશ્રી, બોર્ડ ઓફ અપીલ, બોર્ડ ઓફ અપીલની કચેરી, ગાંધીનગર, C/o મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, સેન્ટ ઝેવીયર્સ સ્કુલની સામે, સેક્ટર-૧૦/એ, ચ-૩ ક્રોસ રોડ, ગાંધીનગરને જરૂરી કોર્ટ ફી નો સ્ટેમ્પ અપીલના મેમોરેન્ડમની મુળ નકલ ઉપર લગાવી ત્રણ નકલમાં લેખિત અપીલ અરજી કરી શકશે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૩ માં જણાવ્યા મુજબ નગર રચના અધિકારીના કેટલાક નિર્ણયો છેવટના છે. જ્યારે કલમ-૫૪ માં જણાવ્યા મુજબ નગર રચના અધિકારીના કેટલાક નિર્ણયો અધિનિયમની કલમ-૫૫ હેઠળ રચાતા અપીલ બોર્ડ સમક્ષ અપીલને પાત્ર છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોક્ત અંતિમ યોજનાની સંપૂર્ણ માહિતી, નિર્ણયો અને નકશાઓ નગર રચના અધિકારીની કચેરીમાં રજાના દિવસો સિવાય નીચેના સરનામે કચેરીના સમય દરમ્યાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે અને યોજના સમજાવવા માટે જરૂરી વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

તા. ૧૧-૦૯-૨૦૨૫
સ્થળ : વડોદરા

સહી/- અવાચ્ય
નગર રચના અધિકારી અને નગર નિયોજક-૧
વડોદરા નગર રચના યોજના
વડોદરા

કચેરીનું હાલનું સરનામું :
પ્રવર નગર નિયોજકશ્રીની કચેરી,
નગર રચના અધિકારી, નગર નિયોજક-૧,
વડોદરા નગર રચના યોજના, વડોદરા
કુબેર ભવન, આઈ બ્લોક, આઠમો માળ,
કોઠી કચેરી કંપાઉંડ, વડોદરા-૩૯૦૦૦૧.
ટેલી નં. (૦૨૬૫) ૨૪૨૫૦૨૯

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.09.19 15:14:52 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot